# ઘરફોડ ચોરીનો ગુન્હો શોધી કાઢતી અઠવાલાઇન્સ પોલીસ

અઠવાલાઇન્સ પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૯૮/૨૦૧૮ ઇ.પી.કો.કલમ ૪૫૪,૩૮૦ મુજબના કામે તા-૨૫/૭/૨૦૧૮ કલાક ૧૦/૦૦ વાગ્યાના આ કામના ફરિયાદી યોગેશભાઇ ઇશ્વરભાઇ રૂપાવાલા રહે- ઘર નં. ૨/૭૯૫, સેન્ટ્રલ બેન્કની નજીક સગરામપુરા મેઇન રોડ, સુરતનાઓના ઘરેથી કોઇ અજાણ્યા ચોર ઇસમે ફરી.ના ઘરના બેડરૂમમાં કબાટની તિજોરી અસલ અથવા ડુપ્લીકેટ ચાવી વડે ખોલી તિજોરીમાં એક કાપડની થેલીમાં સોનાના દાગીના જેમાં (૧) એક સોનાની ચેઇન આશરે પાંચ ગ્રામ આશરે કિમત રૂ.૭૫૦૦/- તથા (૨) એક સોનાની ચેઇન આશરે આઠ ગ્રામ આશરે કિ.૧૨૦૦૦/- (૩) સોનાના બે નાના પેન્ડલ જેના વજનની ખબર નથી આશરે કિ.૬૦૦૦/- તથા (૪) એક સોનાનુ બ્રેસ્લેટ આશરે દસ ગ્રામ આશરે કિ.૧૫૦૦૦/- તથા (૫) એક સોનાનુ બ્રેસ્લેટ આશરે પાંચ ગ્રામનુ કિ.રૂ.૭૫૦૦/- (૬) બે સોનાની વીટી જેના વજનની ખબર નથી આશરે કિ.રૂ.૭૦૦૦/- (૭) એક સોનાનુ ડોક્યુ આશરે પાંચ ગ્રામનુ આશરે કિ.રૂ. ૭૫૦૦/- (૮) એક જોડી સોનાની બુટ્ટી જેનુ વજન આશરે કિ.રૂ.૫૦૦૦/- (૯) બે તોલા સોનાની કંઠી આશરે કિ.રૂ. ૩૦,૦૦૦/- (૧૦) સાડા ત્રણ તોલા સોનાનુ મંગળસુત્ર કિ.રૂ. ૫૨,૫૦૦/- તથા (૧૧) સોનાની બંગડી નંગ-૪ આશરે પાંચ તોલા કિ.રૂ.૭૫,૦૦૦/- (૧૨) સોનાનો સેટ આશરે બે તોલા કિ.રૂ.૩૦,૦૦૦/- (૧૩) સોનાનુ મંગળસુત્ર પાંચ તોલા કિ.રૂ.૭૫,૦૦૦/- ના સોનાના દાગીના મળી જેની હાલની કિંમત કુલ્લે રૂ. ૩,૩૦૦૦૦/- ( ત્રણ લાખ ત્રીસ હજાર પુરા) ના મતાના સોનાના દાગીના ચોરી કરી લઇ નાસી જઇ ગુન્હો કરેલ હોય જે અંગે ઉપરોકત નંબરથી ગુનો રજીસ્ટર કરવામાં આવેલ

સદર ગુન્હાની તપાસ દરમ્યાન આ કામના ફરિયાદીશ્રીની પત્ની વૈશાલીબેન યોગેશભાઇ ઇશ્વરલાલ રૂપાવાલા રહે. ઘર નં.૨/૭૯૫, સેન્ટ્રલ બેન્કની નજીક સગરામપુરા મેઇન રોડ સુરતની ઉપર શંકા જતા જેની યુકિતી પ્રયુકિતીથી પુછ-પરછ કરતા પોતે સદર ગુન્હાની કબુલાત કરી સદર આરોપી પાસેથી ચોરીમાં ગયેલ મુદામાલ સોનાના દાગીના વજન ૨૨ તોલાના મળી કિ.રૂ.૩,૩૦,૦૦૦/- મતાનો તમામ મુદામાલ રીકવર કરવામાં આવેલ છે. અને સદર આરોપીને તા.૩૦/૭/૨૦૧૮ ના કલાક ૧૭/૦૦ વાગે અટક કરવામાં આવેલ છે.